# રોડ નહિ તો વોટ નહિ આપવા ગ્રામજનો મક્કમ

**તલોદ તાલુકાના ખારાદેવીયા ગામના ગ્રામજનો દ્વારા ચૂંટણીનો બહિષ્કાર કરાયો : ૨૦૦૨ થી ૨૦૨૧ દરમિયાન સ્થાનિક કક્ષાએથી મુખ્યમંત્રી સુધી અનેકવાર રજુઆત કરવા છતા પરીણામ શુન્ય : બે જિલ્લાને જોડતો ડામર રસ્તાની વર્ષો જુની માગણી ન સંતોષાતા ચુંટણી બહિષ્કાર કર્યો**

બાયડ, હિંમતનગર, તા.૧૫

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લા સહિત ગુજરાત રાજ્યની ૬ મહાનગરપાલિકાઓમાં ચૂંટણીનું મતદાન આગામી ૨૧ ફેબ્રુઆરીના રોજ યોજાનાર છે ત્યારે ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ સહિત તમામ રાજકીય પક્ષો દ્વારા પ્રચાર-પ્રસાર શરૂ કરી દેવામાં આવ્યો છે ત્યારે શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં કેટલીક જગ્યાએ પાયાની જરૂરિયાતો - સુવિધાઓથી વંચિત રહેલા મતદારોએ બેનરો સાથે રેલીનું આયોજન કરી સરકારી તંત્ર સમક્ષ ચૂંટણી બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે ત્યારે આવો જ એક કિસ્સો સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાને જોડતા તલોદ તાલુકાના ખારાદેવીયા ગામમાંથી પ્રકાશમાં આવ્યો છે.



સાબરકાંઠા - અરવલ્લી એમ બંન્ને જિલ્લાને જોડતો દેવીયા ગામથી કિશોરપુરા ગામ સુધીનો ફક્ત એક કિલોમીટરનો પાકો ડામરનો રોડ સરકારના આદેશ અનુસાર યોજવામાં આવતી ગ્રામસભાની મીટીંગ માં ઠરાવમાં મંજૂર થઈ ગયા બાદ પણ પાકા ડામર ના રોડની સુવિધાથી ગ્રામજનો વંચિત રહી ગયો છે અને ઠરાવ માત્ર અને માત્ર કાગળ ઉપર રહી ગયા હોય એવું ચિત્ર ઉપસી આવ્યું છે એક કિલોમીટરનો ડામરનો રોડ નજીક ના પાંચ ગામોને જોડતો હોવા છતાં સરકારી તંત્ર દ્વારા ગ્રામજનોની રજૂઆતો ધ્યાને લેવાની બદલે મુક પ્રેક્ષક ની ભૂમિકા ભજવી રહ્યા છે તેમજ ૨૦૦૨ થી ૨૦૨૧ દરમિયાન સ્થાનિક કક્ષાએથી લઈને મુખ્યમંત્રી સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા પરીણામ શુન્ય જોવા મળતા સાબરકાંઠા - અરવલ્લી બે જિલ્લાને જોડતો ડામર રસ્તા ની વર્ષો જુની માગણી નહીં સંતોષાતા તલોદ તાલુકાના ખારાદેવીયા ગામના ગ્રામજનો દ્વારા ચૂંટણીનો બહિષ્કાર કરાયો છે.

## કોંગ્રેસને પડતા ઉપર પાટુનો ઘા

# બાયડ તાલુકા પંચાયતની ચૂંટણીના કોંગ્રેસના બે ઉમેદવારોના ફોર્મ રદ

**ભાજપે ચૂંટણી અગાઉ લીંબ અને બોરલ બેઠક જીતી**

બાયડ, તા. ૧૫

બાયડ તાલુકા પંચાયતની ૨૪ બેઠક ઉપર ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ દાવેદારી નોંધાવ્યા પછી સોમવારે ઉમેદવારી પત્ર ચકાસણી દરમ્યાન લીંબ બેઠકના કોંગ્રેસના ઉમેદવારની દરખાસ્ત કરનાર સહીના નમૂનામાં ફેરફાર આવતાં ચૂંટણી અધિકારીએ ફોર્મ રદ કરતાં ભાજપાના મંજુલાબેન અદેસિંહ ચૌહાણ વિજેતા બન્યા છે જ્યારે બોરલ તાલુકા પંચાયત બેઠકના કોંગ્રેસના ઉમેદવારના મેન્ડેડમાં ભુલ હોવાથી વધુ એક કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ થતાં કોંગ્રેસને પડતા ઉપર પાટુનો ઘા પડ્યો છે. ભાજપાના અરવિંદસિંહ કેશાજી ઝાલા વિજયી બન્યા છે.

બાયડ તાલુકો રાજકીય પ્રયોગશાળા કેમ ગણાય છે તે અધિકારીઓને પણ ઝડપથી ખ્યાલ આવી રહ્યો છે. બાયડ તાલુકા પંચાયતની ૨૪ બેઠકો કબજે કરવા ભાજપ-કોંગ્રેસે ટકોરા મારી ઉમેદવાર પસંદ કરી મેદાનમાં ઉતાર્યા હતા. ત્યારે તા. ૧૫ ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્ર ચકાસણી દરમ્યાન બોરલના કોંગ્રેસના ઉમેદવારના મેન્ડેડમાં ભુલ આવતાં વાંધો લેવાયો હતો જેથી ચૂંટણી અધિકારી દ્વારા ફોર્મ રદ કરવામાં આવ્યુ છે. જ્યારે ભાજપા અગ્રણી અદેસિંહ ચૌહાણ (એડવોકેટ)ના પત્નિ લીંબ સીટ ઉપર ભાજપાના ઉમેદવાર તરીકે બિન હરીફ થયા છે. વિધિવત જાહેરાત હવે પછી કરાશે.



**વડગામના પૂર્વ ધારાસભ્યની કારને અકસ્માત : કોઇ જાનહાનિ નહીં**

હિંમતનગર - વિજાપુર હાઈવે પર આવેલા લાલપુર ગામના પાટિયા નજીક ગત સોમવારે વડગામના પૂર્વ ધારાસભ્ય મણિલાલ વાઘેલાની કારની અકસ્માત નડયો હતો અને બંને વાહનોને નુકસાન થવા પામ્યું હતું જેમાં પૂર્વ ધારાસભ્યની ઈનોવા કાર મારુતિ સ્વિફ્ટ ગાડી સાથે ટકરાતા ગાડીમાં બેઠેલા પેસેન્જરોને સામાન્ય ઈજાઓ થવા પામી હતી બંને ગાડી વચ્ચે થયેલા અકસ્માતને પગલે ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા જોકે અકસ્માત સર્જાયા બાદ સદનસીબે કોઈપણ પ્રકારની જાનહાનિ ન થતા વડગામના પૂર્વ ધારાસભ્ય મણિલાલ વાઘેલા તથા સ્વીફ્ટ કારના ચાલકે રાહતનો શ્વાસ લીધો હતો

# ચૂંટણી જંગ : બાયડ પાલિકાના ૬ વોર્ડમાં ૪૯ ઉમેદવારો મેદાનમાં

**વોર્ડ નં. ૬ માં ત્રિપાંખીયો જંગ, અન્યમાં ભાજપા-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ**

બાયડ, તા. ૧૫

બાયડ પાલિકાનો તા. ૨૮ ફેબ્રુઆરીએ ચૂંટણી જંગ યોજાવાનો છે ત્યારે સોમવારે ઉમેદવારી પત્ર ચકાસણી દરમ્યાન ૬ વોર્ડમાં ૪૯ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. બાયડ પાલિકામાં વોર્ડ નં. ૧ થી ૫ માં ભાજપા-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ તથા વોર્ડ નં. ૬ માં ત્રિપાંખીયા જંગનું ચિત્ર ઉપસ્યુ છે. વોર્ડ નં. ૬ માં આમ આદમી પાર્ટીના ધીરૂભાઈ સોલંકીએ જંગમાં ઝંપલાવી સૌને ચોંકાવ્યા છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ હવે જામી રહ્યો છે. આજે બપોર બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. ત્યારે બાયડ પાલિકામાં ૮૬ ઉમેદવારોએ ઝંપલાવ્યુ હતુ જેમાં ઉમેદવારીપત્ર ચકાસણી દરમ્યાન ૪૯ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ભાજપ દ્વારા તમામ જ્ઞાતિ અને પટેલ સમાજના કુટુંબ સાથે પેનલને મેદાનમાં ઉતારતાં નગરજનો મતદારો તેની નોંધ લઈ રહ્યા છે. જ્યારે કોંગ્રેસને કેટલાક વોર્ડમાં બહારથી ઉમેદવારો મુકવાની ફરજ પડી છે. ભાજપે પણ કેટલાક વોર્ડમાં બહારના ઉમેદવાર મુકી જંગને વધુ રોમાંચક બનાવ્યો છે. જે રીતે ઉમેદવારો ફાઈનલ થયા તે પછી ભાજપે ચૂંટણી પ્રચારની રણનીતિ અપનાવી તેના લીધે કોંગ્રેસ છાવણીમાં હલચલ જોવા મળે છે. બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં બન્ને મુખ્ય પક્ષોના ઉમેદવારો ફાઈનલ થયા પછી આગામી ૨ દિવસમાં ચૂંટણીપ્રચાર યુદ્ધ વધુ તેજ બની શકે છે.

# પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા પ્રાન્ત કચેરી ખાતે આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ, માતૃશક્તિ, હત્યા કરવામા આવી જેના વિરોધ મા ઠેરઠેર વિશ્વ હિન્દુ પરિષદ , બજરંગ દળ , દુર્ગા વાહિની , ગૌ-રક્ષા દ્વારા આજે સુત્રોચ્ચારો સરકારી નોકરી તથા તેના કુટુંબ ને એક કરોડ ની સહાય આપવામા આવે તેવી માંગ કરી હતી તો આ પ્રસંગે બજરંગ દળ સંયોજક



દર્ગાવાહીની, ગૌ-રક્ષા દ્વારા દિલ્હીના બજરંગ દળના કાર્યકર્તા રીકુ શર્માની હત્યાના વિરોધ મા પ્રાંતિજ પ્રાન્ત કચેરી ખાતે આવેદનપત્ર આપ્યું.

દિલ્હી ખાતે તા.૧૦ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ દિલ્હી મા બજરંગ દળ ના કાર્યકર્તા રીકુ શર્મા ને મુસ્લિમ જેહાદીઓ દ્વારા

ન્યાય આપોની માગ સાથે પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે જઈને પ્રાન્ત કચેરી ના સિરસ્તેદાર બી.કે.શાહ ને આવેદનપત્ર આપી રીકુ શર્મા ના હત્યારાઓને ફાંસી ની સજા થાય અને અન્ય હુમલાખોરોને કાયદેસર ની કાર્યવાહી થાય અને મૃતક રીકુ શર્મા ના પરિવાર માથી એક વ્યકિત ને

વિજયસિંહ મકવાણા, જિલ્લા સદસ્ય નટુભાઈ બારોટ, મંત્રી પ્રાંતિજ પ્રખંડ અંકિત પટેલ, મેહુલસિંહ ઝાલા, મનુસિંહ રાઠોડ, પરીખ વિશ્વેશભાઇ, સંદીપ શાહ, મહેન્દ્રસિંહ રાઠોડ, વિષ્ણુ રાજ, માનસિંહ, જીગર ભોઈ, ભાવેશ ભોઈ વગેરે કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# બાયડ પાલિકા વિસ્તારમાં ભાજપાના ઉમેદવારોને ચૂંટણી પ્રચારમાં વ્યાપક આવકાર

**ઘડુશીયા મઠમાં ઉમેદવારોને ભવ્ય જીતની શુભેચ્છાઓ**

બાયડ, તા. ૧૫

બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં ભાજપ-કોંગ્રેસ દ્વારા ચૂંટણી પ્રચાર અભિયાન શરૂ થયુ છે. ત્યારે બાયડ પાલિકા વોર્ડ નં. ૧ના



ઉમેદવારોએ ઘડુશિયામઠ ગામથી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરતાં ઠેર ઠેર ઉમેદવારો સંગઠન હોદ્દેદારોનું ગ્રામજનો દ્વારા સ્વાગત કરી ભવ્ય જીતની શુભેચ્છાઓ પાઠવી હતી.

પાલિકા વિસ્તારના ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે બરાબરનો જંગ જામ્યો છે. કોંગ્રેસને મળતા નબળા પ્રતિસાદથી બાયડ પાલિકા વિસ્તારમાં પરિવર્તનનો પવન ફુંકાયાનું સ્પષ્ટ જોવા મળ્યુ છે. ભાજપના તમામ ઉમેદવારોએ એક સાથે ઉમેદવારી પત્ર રજૂ કર્યા પછી સ્વયંભુ જનમેદની, કાર્યકરો ઉમટ્યા તે જોઈ જીતના સ્વપ્ન જોતી કોંગ્રેસની ઉંઘ હરામ થઈ છે. રવિવારથી ભાજપ-કોંગ્રેસના ઉમેદવાર - ટેકેદારોએ પ્રચાર શરૂ કર્યો છે. ત્યારે વોર્ડ નં. ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ ના ભાજપાના ઉમેદવારો સાથે મોટી સંખ્યામાં સ્થાનિક કાર્યકરો, પ્રજા સ્વયંભુ પ્રચારમાં જોડાઈ હતી. ઘડુશિયા મઠમાં શહેર સંગઠન પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, યુવા મોરચા પ્રમુખ તપન પટેલ, પૂર્વ પાલિકા પ્રમુખ, શકુન્તલાબેન પટેલ, જે.ડી. પટેલ, અતુલભાઈ પટેલ, રાહુલગીરી ગોસ્વામી, જીતેન્દ્ર પટેલ સાથે ઉમેદવારોએ પ્રચાર કર્યા ત્યારે ઘેર ઘેર ઉમેદવારોનું ઉમળકાથી સ્વાગત કરી વિજયી બનવા શુભેચ્છા પાઠવી હતી.

# આહીર સમાજનું ગૌરવ

**જીપીએસી દ્વારા લેવાયેલ પોલીસ ઈન્સ્પેક્ટર, વર્ગ-૨ માં પાંચ ઉમેદવારો પસંદગી પામ્યા**

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા દ્વારા લેવાયેલ જાહેરાત ક્રમાંક : ૧૧૨/૨૦૧૮-૧૯ ૪ પોલીસ ઈન્સ્પેક્ટર૪ (બિન હથિયારધારી) ૪ વર્ગ-૨ ની સ્પર્ધાત્મક પરિક્ષામાં સફળ થયેલા કુલ ૬૦ ઉમેદવારોમાંથી આહીર સમાજના કુલ પાંચ ઉમેદવારોએ ઝળહળતી સફળતા મેળવીને આહીર સમાજનું ગૌરવ વધાર્યુ છે.

સચિવાલયના સામાન્ય વહીવટ વિભાગમાં સેકશન અધિકારી તરીકે ફરજ બજાવતાં આહીર અગ્રણી અશ્વિનભાઈ જાટીયાએ ઉતિર્ણ થનાર તમામ ઉમેદવારોને શુભેચ્છાઓ આપીને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે છેલ્લા ઘણાં સમયથી આહીર સમાજમાં શૈક્ષણિક જાગૃતિ આવતાં વધુને વધુ યુવા ભાઈ બહેનો કોમ્પીટીટીવ એકઝામ માટે તનતોડ મહેનત કરીને જોડાતાં આહીર સમાજના વધુને વધુ વિદ્યાર્થીઓ પાસ થવા લાગ્યા છે. તાજેતરમાં જ ખેતી અધિકારી૪ વર્ગ-૨ નું પરીણામ આવતાં તેમાં પણ ૧૧૦ માંથી આહીર સમાજના ૧૧ ઉમેદવારો પાસ થયા છે. આમ વિવિધ જગ્યાઓ ઉપર આહીર સમાજના ઉમેદવારોએ સિલેકટ થઈને આહીર સમાજનું ગૌરવ વધાર્યુ છે.



**રણ ઉત્સવમાં "રોકસ્ટાર મીટ ફોક સ્ટાર"નો અનોખો કાર્યક્રમ યોજાયો**

ટુરિઝમ કોર્પોરશન ઓફ ગુજરાત લિમિટેડ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રણ ઉત્સવનુ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ રણ ઉત્સવમાં દેશના ખૂણે ખૂણેથી આવેલા પ્રવાસીઓએ કચ્છ, ધોરડો ખાતે આવેલા સફેદ રણની મુલાકાત લીધી હતી જેમાં પ્રવાસીઓના મનોરંજન માટે ગુજરાત ટુરિઝમ દ્વારા ખાસ સાંસ્કુતિક ક્રાર્યક્મોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રોકસ્ટાર અરવીંદ વેગડા જે બિગ બોસ ફેમ હોવા સાથે ભાઈ ભાઈ તરીકે પણ ખ્યાતનામ છે એમણે એક નવી જાતનો મનોરંજક પ્રયોગ આ સ્ટેજ પર પાથર્યો જેમાં અંતરરાષ્ટ્રીય નૃત્યકાર ભરત બારીયા અને અક્ષય પટેલ દ્વારા જુગલબંદી કરવામાં આવી હતી. ભાઈ ભાઈ અરવીંદ વેગડાએ પોતાના ગુજરાતી અને હિન્દી ગીતો પીરસ્યા હતા અને દર્શકોના દિલ જીત્યા સાથે સાથે રોક ફોર્મમાં હનુમાન ચાલીસાનુ આગવુ પ્રદર્શન કર્યુ હતું જેના લાઈવ ગીત સંગીત પર નૃત્યકારોએ સાથ આપ્યો હતો.

# રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૨૪૯ કેસ નોંધાયા

**અત્યાર સુધીમાં કુલ ૨૫૯૩૮૪ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૯ કેસ નોંધાયા**

ગાંધીનગર,તા.૧૫

ભારતમાં કોરોના વાયરસ સંક્રમણના ૧૨,૧૯૪ નવા કેસ સામે આવ્યા પછી સંક્રમણની કુલ સંખ્યા પણ ૧,૦૯,૧૬,૫૮૯ થઈ છે. જ્યારે આ મહિનામાં અનેકવાર એક દિવસમાં સોથી પણ ઓછા લોકોના મોત થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડાઓમાં આ જાણકારી આપવામાં આવી છે. ભારતમાં અત્યાર સુધીમાં કોરોના વેકસીનેશન કાર્યક્રમ અંતર્ગત ૮૨,૮૫,૨૯૫ લોકોનું વેકસીનેશન થયું છે. જ્યારે ગુજરાતમાં પણ કુલ ૭,૯૬,૬૫૯ લોકોને રસી આપવામાં આવી છે. ગુજરાતમાં ૨૪ કલાકમાં ૨૪૯ દર્દીઓ નોંધાયા છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૨૪૯ કેસ નોંધાયા છે તો તેની સામે રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૮૦ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી હવે કોરોના મહામારીમાં રાજ્યમાં કુલ ૨,૫૯,૩૮૪ દર્દીઓ કોરોનાને હરાવવામાં સફળ રહ્યાં છે. જેથી રાજ્યનો રિકવરી રેટ પણ ૯૭.૭૦%એ પહોંચ્યો છે. રાજ્યમાં નવા કેસમાંથી અમદાવાદમાં ૪૯, સુરતમાં ૩૭, વડોદરામાં ૪૪ તેમજ રાજકોટમાં ૩૭ દર્દીઓનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્યમાં કુલ ૧૭૦૮ એક્ટિવ કેસમાંથી ૨૭ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૬૮૧ સ્ટેબલ છે. રાજ્યમાં ૨૪ કલાકમાં એકપણ મોત નોંધાયું નથી. રાજ્યમાં મૃત્યુઆંક ૪૪૦૧એ પહોંચ્યો છે. ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં ૩૩૭ કેન્દ્રો પર ૫૦૫૭ વ્યકિતઓને કોરોનાની રસી આપવામાં આવી છે. જેથી અત્યાર સુધીમાં કુલ ૭,૯૬,૬૫૯ વ્યક્તિઓનું રસીકરણ થયું છે. રાજ્યમાં અરવલ્લી, બનાસકાંઠા, ભાવનગર, બોટાદ, છોટા ઉદેપુર, ડાંગ, નવસારી, સુરેન્દ્રનગર અને તાપી એમ કુલ ૯ જિલ્લામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી.

# "ઉત્સવની જેમ જીવવું" વિષયે યોજાયું ગણપત યુનિવર્સિટીમાં વિશેષ વ્યાખ્યાન

ગણપત વિદ્યાનગર, તા. ૧૫

કોરોના મહામારીનો સમય હવે પૂરો થઈ રહ્યો છે ત્યારે જીવનને નવી ચેતના અને ઉર્જાથી નવપલ્લવિત કરવાના પ્રયાસરૂપે ગણપત યુનિવર્સિટીએ તેની "વિશેષ વ્યાખ્યાનમાળા"ના ભાગરૂપે ગઈ તા. ૧૨ ફેબ્રુઆરીના દિવસે "જીના ઉત્સવપૂર્વક" નામના વિશેષ વ્યાખ્યાનનું આયોજન કર્યુ હતુ. જેના વ્યાખ્યાતા વિશ્વવ્યાપી વૈચારિક ઝુંબેશ "જીવનવિદ્યા"ના પ્રબોધક આદરણીય સોમ ત્યાગીજી હતા.

પૂરા સાત દિવસના ૨૦૦થી વધારે જીવનવિદ્યા શિબિરોમાં પ્રબોધન કરી ચૂકેલા સોમ ત્યાગીજીએ એમના વિચારપ્રેરક વ્યાખ્યાનમાં એક ચાવીરૂપ વાત સાથે પ્રબોધનનો પ્રારંભ કરતા કહ્યું હતું કે જીંદગીનું સરનામું જ ખોટું હોય તો આપણી યાત્રા ખોટી જગ્યાએ પહોંચે છે.

"જીવનને ઉત્સવની જેમ ઉજવીને જીવવું" - એવા એમના વ્યાખ્યાનના ધ્રુવ વિચારના સમર્થનમાં એમણે "જિંદા રહેના" અને "જિના" વચ્ચેનો તફાવત સ્પષ્ટ કર્યો હતો. પશુઓ માટે માત્ર "જીવતા" રહેવું પુરતુ હોય શકે પરંતુ માણસ માટે તો "જીવવું" તે એક ઉત્સવરૂપ બની રહેવું જોઈએ અને એટલે તો ભગવાને માણસને વિચારતો અને કલ્પનાશીલ બનાવ્યો છે. દરેક માણસના ભાવ અને વિચાર માત્ર તેના માટેજ નહી, સૌ માટે સારા-શ્રેયસકર હોવા જોઈએ.

"વિશેષ વ્યાખ્યાન"ના આ વિશેષ અવસરે ગણપત યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્માએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ.

ગણપત યુનિવર્સિટીના પેટ્રન ઈન ચિફ અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ આ અવસરે અમેરિકાથી ખાસ 'ઓનલાઈન' ઉપસ્થિત રહ્યા હતા. એમણે 'જીવનવિદ્યા'ના આ વિશેષ વ્યાખ્યાનના આયોજન માટે પોતાનો રાજીપો વ્યક્ત કરતા કહ્યું હતું કે ગણપત યુનિવર્સિટી જે ઉદાત વિચાર સાથે કાર્યરત છે તે 'વિદ્યયા સમાજોત્કર્ષ' એટલે શું ? ઉત્કર્ષ એટલે શું ? ઉત્કર્ષ એટલે માત્ર પૈસા બનાવવા તે નહીં, પરંતુ જીવનમાં એનાથી ઉપર ઉઠીને ઘણું વિશેષ પ્રાપ્ત કરવું તે ઉત્કર્ષ છે. માણસમાં 'માણસ' હોવાનો, ઉત્તમ માણસ હોવાનો ગુણ હોવો જોઈએ.

ગણપત યુનિવર્સિટીના આંગણે યોજાયેલા સૌ વિશેષ વ્યાખ્યાનના અવસરે ગણપત યુનિવર્સિટીના બોર્ડ ઓફ ગવર્નસના મેમ્બર અને 'જીવનવિદ્યા'ના સિદ્ધાંતોને પોતાના જીવન-વ્યવસાયમાં ચરિતાર્થ કરી રહેલા ઉદ્યોગપતિ ગોવિંદભાઈ પટેલ, ટ્રસ્ટીઓ, યુનિ.ના વિવિધ ફેકલ્ટીના ડીન, આચાર્યો, વિભાગીય વડાઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અનેક ખાસ આમંત્રિત મહેમાનોએ પણ વ્યાખ્યાન માણ્યુ હતુ.

યુનિ.ના એક્ઝિ. રજિસ્ટ્રાર અમિત પટેલ, આસિ. રજિ. ગિરીશ પટેલ, પ્રો. ઉન્નત પટેલ અને પ્રો. આનંદ મંકોડિયા સહિત સમગ્ર યુનિ. પરિવાર કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત કરી હતી.



રામ મંદિર નિર્માણ નિધિ માટે ભંડોળ એકત્ર કરવાના કાર્યમાં જોડાયેલા બજરંગ દળના કાર્યકર્તા રીન્કુ શર્માની દિલ્હીમાં હત્યા કરવામાં આવી છે. મુસ્લિમ જેહાદીઓ દ્વારા કરવામાં આવેલી આ હત્યા સંદર્ભે ગાંધીનગર બજરંગદળ દ્વારા કલેકટરશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને આરોપીઓને કડકમાં કડક સજા કરવા માંગણી કરી હતી.

## થાંભલાઓનો સર્વે...

● છેલ્લા પાનાનું ચાલુ

ત્યારે સેકટરોમાં નવા થાંભલા નાંખવાની કામગીરી પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. સે-૬ માં સ્ટ્રીટ લાઈટના નવા થાંભલા નાંખાવાનુ કામ લાંબા સમયના અંતે પણ પુર્ણ થયુ નથી ત્યારે સે-૩ માં પણ નવા પોલ્સ નાંખવા માટે સ્થાનિકોએ માંગણી કરી છે. બીજીતરફ બંધ સ્ટ્રીટ લાઈટો ચાલુ થાય તે માટે પણ સેકટરોમાં યોગ્ય સર્વેના અંતે કામગીરી હાથ ધરાય તેવી માંગણી ઉઠવા પામી છે. હાલ નવા અને જુના સેકટરોમાં ઘણાં થાંભલા બંધ હોવાની સાથે ફીટીંગ બદલવાની અનિવાર્યતા હોવાની રજુઆત પણ નાગરિકો કરી રહ્યા છે. ત્યારે સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયદોનુ કાયમી નિવારણ આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. સેકટરોમાં ખુલ્લા અને નમી પડેલા ઉઘાડા જોખમી થાંભલાઓ દુર કરવા માટે પણ નાગરિકો સતત રજુઆત કરી રહ્યા છે. કટાયેલા થાંભલાના સ્થાને હવે ચાર દાયકાના અંતે નવા થાંભલા નાંખવા માટે ઝડપથી કામ હાથ ધરાય તેવી પણ માંગણી ઉઠવા પામી છે.